Extra No. 114

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, APRIL 24, 2026 / VAISAKHA 04, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો :-

(૧) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે) ગુ.રા., ગાંધીનગરના પત્રનં.એનજીઓ / ટેલીફોન બુથ/૧૭૦/૧૨, તા.૩/૪/૧૨

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં.ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/૮૪૬/૨૦૨૬, તા.૦૭/૦૪/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.પી.ઓ.એલ/કોલર આઈડી/વશી/૫૫૩/૨૦૨૬(૧૦).-ગુમચર સંસ્થાઓ વખતો વખતના અહેવાલો તથા ભુતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ છે કે ત્રાસવાદી / અસામાજીક તત્વો કે જેઓ ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે.આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ રાજયમાં બનતા ગુનાઓમાં મોબાઈલ ફોન તેમજ ખોટા નામે લીધેલ સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે. મોબાઈલ ફોન નેટવર્ક ધરાવતી દરેક કંપનીઓ તરફથી સીમકાર્ડ ખરીદવા કે વેચવા ઉપર કોઈ ચોકકસ નિતીનુ પાલન કરવામાં આવતુ નથી. જેથી વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સીમકાર્ડના ખરીદ તથા વેચાણ કરનાર ઉપર કાયદાકીય નિયંત્રણ જરૂરી હોઈ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સાબરકાંઠા જિલ્લાની હકુમતનો સમગ્ર વિસ્તાર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૨૨/૦૪/૨૦૨૬ થી તા.૧૯/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે

જાહેરનામા મુજબ મોબાઈલ સીમકાર્ડ વેચનાર ડિસ્ટ્રીબ્યુટરો અને વેપારીઓએ તથા ધારકોએ કરવાની અમલવારી

- સાબરકાંઠા જિલ્લાની હદમાં આવેલ મોબાઈલ કંપનીઓ તરફથી વેચાણ માટે ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થાબંધ વેપારીઓને આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનુ રજીસ્ટર એરીયાવાઈઝ ડિસ્ટ્રીબ્યુટરો અને જથ્થા બંધ વેપારીઓએ નિભાવવું.

- ડિસ્ટ્રીબ્યુટરો કે જથ્થા બંધ વેપારીઓ તરફથી રીટેઈલરોને વેચાણ માટે આપવામાં આવતા સીમકાર્ડના નંબરોનુ રજીસ્ટર રીટેઈલરોએ પણ નિભાવવું જેમાં જે તે નંબર કઈ વ્યકિતને વેચવામાં આવે છે ? અને સાથો સાથ તે માટે જે દસ્તાવેજો લેવામાં આવેલ હોય તેની પણ વિગતવાર નોંધ કરવી.

- મોબાઈલ કંપનીઓએ તેમના સીમકાર્ડના વેચાણકર્તા ડિસ્ટ્રીબ્યુટરો અને તેના રીટેઈલરોની યાદી તેઓના કંપની કોડ સાથે નજીકના પોલીસ સ્ટેશન તેમજ પોલીસ અધિક્ષકની કચેરીએ મોકલી આપવી તેમજ આ યાદીમાં ફેરફાર થાય તેની પણ જાણ કરવી.

- સાબરકાંઠા જિલ્લામાં નવીન સીમકાર્ડનું વેચાણ કરતી વખતે TRAI ની જોગવાઈઓ/ગાઈડલાઈન ધ્યાને લઈ નીચે મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમજ સીમકાર્ડ ખરીદનારની આઈ.ડી. પ્રુફની નકલ મેળવવાની રહેશે.

- મોટાભાગે દસ્તાવેજોની ખરાઈ કરવા માટે ખાનગી પેઢીઓને કોન્ટ્રાકટ સોપવામાં આવે છે આવા સંજોગોમા તેવા લોકોની પુરેપુરી માહિતી મોબાઈલ કંપનીઓએ સ્થાનિક પોલીસને આપવી.

- મોબાઈલ સીમના ડિસ્ટ્રીબ્યુટરો સીમકાર્ડના વેચાણ અર્થે સીમકાર્ડ કોઈપણ ફેરીયા કે પાનના ગલ્લા વાળાઓને આપતા જણાઈ આવેલ છે જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવા સીમકાર્ડનુ વેચાણ ફકત નગરપાલિકા કે ગ્રામ પંચાયતમાં શોપ એકટ હેઠળ નોંધાયેલ લાયસન્સ ધારકને જ વેચાણ આપે તેવી વ્યવસ્થા કરવી.

- મોબાઈલ કંપનીઓએ કોઈપણ મોબાઈલ સીમકાર્ડનુ એકટીવેશન કરતા પહેલા સીમકાર્ડ ખરીદનારે આપેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ જ સીમકાર્ડ એકટીવ કરવુ.

નવા સીમકાર્ડના વેચાણ માટે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડનો નંબર	સીમકાર્ડ ખરીદનારનુ નામ, સરનામું	આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

" જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૧ મી એપ્રિલ -૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 15:08:35 IST